સને ૨૦૨૦-૨૧ના વર્ષના અંદાજપત્રમાંથી
માહે નવેમ્બર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦
માટે મૂડી હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત.
માંગણી ક્રમાંક: ૬૭ (રાજ્યના હિસ્સાની)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ક્રમાંક : બીયુડી/૧૦૨૦૨૦/૩૪૭/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨૪-૧૧-૨૦૨૦

Inward No. 9602
Registry Branch
G. W. S. S. BOARD
C A O
01 DEC 2020
Marking

વંચાણે લીધો : -

નાણા વિભાગનો તા.૧૧-૧૧-૨૦૨૦નો ઓર્ડર ક્રમાંક: BUD/102020/709/KH3(67-4215-01-102-24)

યાદી :-

નાણા વિભાગના વંચાણે લીધા ઓર્ડરથી સને ૨૦૨૦-૨૧ના વર્ષના અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં માંગણી ક્રમાંક : ૬૭ , મુખ્ય સદર – ૪૨૧૫માં મૂડી સદર હેઠળ નવેમ્બર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ માસ માટે પાણી પુરવઠા પ્રભાગને રૂ.૪૧,૬૨,૧૭,૦૦૦/- (અંકે રૂપિયા એકતાલીસ કરોડ બાસઠ લાખ સત્તર હજાર)ની રાજ્યના હિસ્સાની ગ્રાન્ટ ફાળવેલ છે. જે ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા માટે ફાળવણી કરવા ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

| અનું. | વિગતવાર સદર | માહે નવેમ્બર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | રકમ શબ્દોમાં અંકે રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ | | | |
| માંગણી ક્રમાંક ૬૭– (રાજ્યનો હિસ્સો ) | | | |
| | મુખ્ય સદર - ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો (PSS)<br>ગૌણ સદર - ૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ<br>પેટા સદર - ૨૪ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના - કવરેજ<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૬૦૦૦- અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ - ૪૨૧૫ ૦૧ ૧૦૨ ૨૪ | રૂ.૪૧,૬૨,૧૭,૦૦૦/- | એકતાલીસ કરોડ બાસઠ લાખ સત્તર હજાર પુરા |

શરતો :-

1. સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. આ રકમમાંથી પગાર અને ભથ્થાની ચુકવણી કરી શકાશે.
3. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
4. સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી (પા.પુ)ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં જવાબદાર અધિકારીશ્રીના સહી સિક્કા સાથે સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.માહિતી સમયસર વિભાગ ને ન મોકલવામાં આવે તો તેની જવાબદારી સબંધિત અધિકારીની રહેશે.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
9. વંચાણે લીધા ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરિપત્રમાં જણાવ્યા મુજબ આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કોઈપણ રકમ પી.એલ.એ. માં જમા કરાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જ્યોતિ શર્મા

(જ્યોતિ શર્મા)
સેક્શન અધિકારી(પા.પુ.)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

1. મુ.ઈ અને અધિક સચિવશ્રી (યોજના), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. ખાસ ફરજપરના અધિકારીશ્રી (પા.પુ), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
4. મુખ્ય ઈજનેરશ્રી, (પ્લા. અને મોની.), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
5. નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
6. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.

<u>નકલ રવાના</u>

1. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
2. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
3. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
4. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
5. નાયબ સેક્શન અધિકારી.
6. પસંદગી ફાઈલ.